શ્રી માલદેવજી ઓડેદરા સ્મારક ટ્રસ્ટ સંચાલિત

# ડો. વિરમભાઈ રાજાભાઈ ગોઢાણિયા

મહિલા આર્ટસ, કોમર્સ, હોમસાયન્સ એન્ડ ઇન્ફર્મેશન ટેકનોલોજી કોલેજ

# વંદે માતરમ્

(માસિક મુખપત્ર)

સ્વર્ણિમ ગુજરાત વિશેષાંક

To, ____________

પ્રકાશક- Books & Publication Division
Dr. V. R. Godhaniya Mahila College, Porbandar.
મુદ્રક : સાગર મલ્ટીફોર્મ્સ પોરબંદરમાં છપાવી તેમ સ્થળેથી પ્રગટ કર્યું.
વર્ષ : ૧ - અંક : ૪ - તા. : ૧ મે ૨૦૧૦ (૦૨૮૬-૨૨૪૮૦૫૧)

## તંત્રી સ્થાનેથી...

''ગિરિચટ્ટાન સમાણી છાતી,
જલધિતરંગ નાથે મદમાતી,
રમે વિદેશે સાહસ-રાતી
સદાજાગરૂક જગત નાગરિક સાગરતીર્થનિવાસી
હું ગુર્જર ભારતવાસી''

- **કવિશ્રી ઉમાશંકર જોશી**

આજનો દિન મહિમા અદ્ભુત છે. સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી આજે ગુજરાતમાં જ નહિ પણ વિશ્વમાં વસેલા ગુજરાતીઓના મન અને હૃદયમાં પણ થઇ રહેલી છે. '૧ મે' આ દિવસનું મહત્વ રાષ્ટ્રીય તહેવાર સમું સર્વે ગુજરાતીઓ માટે બની રહેલું છે. આ સ્વર્ણિમ ગુજરાતની ઉજવણીના મહાઉત્સવરૂપી શિવલીંગ પર, પ્રિન્સીપાલ ડો. શ્રી અનુપમ નાગર સાહેબની પ્રેરણાથી તૈયાર કરાયેલ આ અંક, ડો. વી. આર. ગોઢાણિયા કોલેજ પરિવાર તરફથી એક બિલ્વપત્ર રૂપે ગુજરાતની ગરવી ગરિમાને અપર્ણ છે.

### ❃ સંપાદક મંડળ ❃

**પ્રા. મુલજીભાઈ વાઘેલા** **પ્રા. રાકેશભાઈ કક્કડ** **પ્રા. જીતેશભાઈ પ્રશ્નાણી**

## સ્વર્ણિમ ગુજરાતની રાહ પર

ગરવી ગુજરાત નામ સાંભળતા જ ગુજરાતી ભાષા, ગુજરાતી પ્રજા અને તેની સંસ્કૃતિની સમુજ્જવલ પરંપરાનું ભાન થાય છે. ગુજરાતનાં મૂળ અને કુળની પરંપરા ઘણી સુદીર્ઘ અને સમૃદ્ધ છે. જેમ વૃક્ષોને તેમ પ્રજાને પણ તેનાં મૂળિયાં હોય છે. વૃક્ષો જેમ દૂર દૂર સુધી પહોંચેલા પોતાનાં મૂળિયાં વાટે પોષણ મેળવે છે, તેમ પ્રજા પણ તેના અતીતમાં ઊંડે સુધી વિસ્તરેલી તેની સાંસ્કૃતિક પરંપરા વાટે પ્રેરણા પોષણ મેળવે છે. દરેક પ્રજાનું વ્યકિતત્વ આવી પરંપરાથી ઘડાય છે, વિકસે છે. કનૈયાલાલ મુનશી કહે છે તેમ, જો ગુજરાત એક સાંસ્કારિક વ્યકિત તરીકે પોતાનું આગવું સ્થાન સિદ્ધ કરી શકયું હોય તો તેની ઉપર્યુકત સંસ્કાર પરંપરાને કારણે. કેમકે કોઇપણ મનુષ્યનો ચહેરો, મહોરો, તેનું કદ, તેનો વાન, તેની પ્રકૃતિની નાનીમોટી ખાસિયતો આ બધું આકસ્મિક હોતું નથી તે એક સુદીર્ઘ, સાતત્યપૂર્ણ અને સંકુલ સાંસ્કૃતિક પરંપરાની નીપજરૂપ હોય છે. ગુજરાતી માટે પણ આ સાચું છે.

ભૌગોલિક પરિપ્રેક્ષ્યમાં ગુજરાત ભારતના નકશામાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. ભારતના સુદીર્ઘ સાગરકિનારાનો ત્રીજો ભાગ ગુજરાત ધરાવે છે. ગુજરાતના ૨૫ જિલ્લાઓ પૈકી ૧૩ જિલ્લાઓ સાગરકિનારો ધરાવે છે. તેથી ગુજરાતની એક ઓળખાણ દરિયાલાલની પણ છે. ગુજરાતનો સોળસો કિલોમિટરનો સાગરકિનારો તેની સમૃદ્ધિનું તેમજ તેમનાં સાહસ પરાક્રમોનું ઉદ્‌ગમસ્થાન બન્યો જ, તે સાથે તે અનેક વિદેશી પ્રજાઓને ભારત પ્રતિ આકર્ષવાનું નિમિત્ત પણ બની રહયો.

આ ગુજરાત માનસમાં જ વિવેક-બૃહસ્પતિપણું, હિત-અહિત, સારું નરસું બધું હેલામાં પારખી લે. તેની કોઠાસૂઝ પણ ગજબ. સમજણ દ્વારા સુખી થવાનો કીમિયો એને માનસવગો. ચતુરાઇ એની ચાલમાં, ઉદ્યમ અને કરકસર એના કામમાં. તેના ચારિત્રબળનો આંક સારો એવો ઊંચો. ખડગ કયારે ખેંચવુંને ઢાલ કયારે આડી ધરવી તેનો પાકો અંદાજ. એ રીતે શિર સાટેય નાકની નોક સાચવવામાંએ માને. કલિકાલ સર્વજ્ઞ આચાર્ય શ્રી હેમચંદ્રાચાર્યના સિદ્ધહૈમમાં ટાંકેલા દુહાઓ સાંભળીયે કે કચ્છ ને સૌરાષ્ટ્રની કસુંબલ રંગની રસધારાઓ ઝીલીએ કે તુરત જ ગુર્જરવીરનાં પોત અને પાણીનો તાગ મળી જાય છે. મામલો હોય વેપારવણજનો કે લડાઇનો બેયમાં ગુજરાતી સીધો પાર ઊતરવાનો કોઠાસૂઝને કૌવતના બળે, મહાજનરીતિની કાર્ય પ્રણાલીને સંઘ સખાવતના એ ચાર પાયા પર ગુર્જરવીરતા અડોલ અને અડીખમ રહી છે.

ગુજરાતની હવામાં સમન્વયપ્રેમ ને શાંતિપ્રિયતા છે. એની આંતરલક્ષ્મીને ગૃહલક્ષ્મી સખાવતને આતિથ્યે સાર્થવતી થતી વરતાય છે. ગુજરાતીને સહકારને સુમેળ, સંધિ ને સમાધાન સ્વાભાવિક રીતે જ પસંદ, આમ છતાં આત્મગૌરવને આત્મસન્માનના પ્રસંગે એ કેસરભીનો વીર પણ બની જાય, વખત આવ્યે એ અસહકારી ને સત્યાગ્રહીયે થઇ રહે.

૧૯૨૯ માં આચાર્ય કૃપાલાણીએ ગુજરાત વિદ્યાપીઠ જેવા સ્વરાજયની કેળવણીના તીર્થમાંથી વિદાય લેતાં કહેલું કે ગુજરાતીની બે મહત્વની ખાસિયતો તે દૃઢ મનોબળ અને અહિંસા છે.

તેમણે કહેલું કે ગુજરાતમાં પેટે ચાલવાનો હુકમ ફરમાવવામાં આવ્યો હોત તો દૂબળા પાતળા વાણિયાઓમાં એવા નીકળત કે જે સંગીનની અણી એમની સામે ધરી હોત તો પણ હુકમનો અનાદર કરત.

ગુજરાતના જેટલી અહિંસા બીજા કોઇ પ્રદેશમાં પળાતી હશે કે કેમ એ પ્રશ્ન છે. આ પ્રદેશ ચબૂતરા અને ચાટ,

પરબડીઓ અને હવાડાઓ રાખવા ચલાવવામાં રસ લેનારો પ્રદેશ છે. પશુપંખી અને માછલાં માટે કદાચ દુનિયાભરમાં સૌથી વધુ મુકતતાથી ને નિરાંતે હરવા-ફરવાનું કોઇ સ્થળ હોય તો તે આ ગુજરાત છે.

ગુજરાતનું શાણપણ એને મધ્યમમાર્ગી રાખવામાં પ્રગટ થયું છે. આત્યંતિકતાએ વ્યવહાર કરવાનું ગુજરાતીના લોહીમાં નથી. કજિયાના મોં કાળા ગણી તેમનાથી એ બચવાનું પસંદ કરે છે. અદાલતોમાંયે સમાધાન તરફ એનો ઝોક વધારે રહે છે. ગુજરાતમાં લોક-અદાલતોના વ્યાપક આવકાર પાછળ પણ એની સમાધાની કારણભૂત લાગે છે.

ગુજરાત બહુજનહિતાય અને બહુજનસુખાય કાર્ય કરવામાં માને છે. દાનધર્મ ને પૂર્તધર્મમાં તેની આસ્થા અને ઉદ્યમ અજોડ છે. ગિરિજનો-હરિજનોથી માંડીને, મધ્યમવર્ગીય જનસમાજ અને ભદ્રજનો સુધી એનો સેવાધર્મ વ્યાપેલો છે. સ્વતંત્ર ભારતના એક મજબૂત અંગરૂપે નયા ગુજરાતનું નિર્માણ તો સર્વ જનગણમનને જાગ્રતપણે સાથે રાખીને જ થઇ શકે તે ગુજરાત બરોબર જાણે છે. તેથી જ તેના ભૌતિક તેમજ આધ્યાત્મિક પ્રગતિના સર્વ આયોજનો અને ઉપક્રમોમાંએ સમદષ્ટિને સર્વસમાનતાની સાચી વૈષ્ણવી ભાવનાનો મહિમા કરતું રહયું છે.

જેમ ભારતમાં તેમ ગુજરાતમાંયે ભૂમિમાર્ગે અને જળમાર્ગે અનેક પ્રજાઓ અને કોમો આવતી રહી છે. કલકતાની મહાકાળી ગુજરાતમાં જેમ ભદ્રકાળી બની રહી તેમ અનેક લડાયક કોમો ગુજરાતના હવામાનમાં સૌમ્ય અને શાન્ત બની રહી. રાજસ્થાનમાંથી ગુજરાતમાં આવેલા ક્ષત્રિયોએ હિંસાના પ્રતીકરૂપ તલવારો તજી, પણ વીરની અહિંસાને પોતીકી કરી. અનેક પરદેશી આક્રમણો સામે ગુજરાતે અણનમ રહીને પોતાના સ્વત્વને અકબંધ જાળવી રાખ્યા છે.

એ સ્વત્વ ને સત્વના આકર્ષણે પ્રાચીન કાળમાં એક મોહને(શ્રીકૃષ્ણ) મથુરાથી દ્વારિકા આવવાનું પસંદ કર્યું હોત તો અર્વાચીન કાળના બીજા મોહને (શ્રી મોહનદાસ ગાંધીએ) એ સ્વત્વ અને સત્વની સમ્યક પ્રતિષ્ઠા માટે પોરબંદરથી દિલ્હી સુધી જવાનું પસંદ કર્યું. સુદર્શનચક્ર અને ચરખાચક્ર બેયને ધર્મચક્રરૂપે પ્રયોજનારી પરમ વિભૂતિઓએ જેને સેવી એવી આ પૂણ્યભૂમિ છે.

બિનસાંપ્રદાયિકતા અને પરમસહિષ્ણુતા ગુજરાતના ભાતીગળ પોતમાં બરોબર વણાયેલી છે. ઇરાનમાંથી પવિત્ર અગ્નિ લઇને સમુદ્ર માર્ગે સંજાણ બંદરે આવી ઊતરેલા પારસીઓને ગુજરાતે પોતાના કરી લીધા અને દૂધમાં સાકરની જેમ ભળી ગયેલા તે પારસીઓ ગુજરાતના સર્વાંગીણ વિકાસમાં અમૂલ્ય હિસ્સો આજદિન સુધી આપતા રહયા છે.

સાહસિક ગુજરાતીઓ જે દેશમાં જાય ત્યાંની પ્રજામાં તે બરોબર હળી મળી ભળી જાય છે. જયાં જાય ત્યાં એમનું પોતીકું ગુજરાત ખડું કરી દેવાનીયે તેમની અનોખી ખૂબી ખાસિયત છે. જયાં જયાં ગુજરાતી પહોંચ્યો ત્યાં ત્યાં એની પાછળ ગુજરાત પણ જાણે પહોંચ્યું છે. કવિ ખબરદારે સાભિપ્રાય જ કહેલું કે ''જયાં જયાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત.'' ગુજરાતી જયાં જાય ત્યાંનો થઇને પોતાની અસલિયત કેમ સાચવવી તે જાણે છે. ભલે તે પરદેશી ભાષા શીખે અને પરદેશમાં ખંત, ઉદ્યમ અને આપસૂઝથી આગળ વધે, પણ તે બરોબર જાણે છે કે પોતાની ભાષા તે પોતાની ભાષા. માનું દૂધ. પોતાની માતૃભાષા દ્વારા જ ગુજરાતી પોતાની અસલિયતને એના પોતાપણાને એની અસ્મિતાને પ્રગટ કરી શકે. દરેક પ્રજાની સાચી ઓળખ એની માતૃભાષા દ્વારા - વતનની ધૂળમાંથી ફણગી ઊઠેલા શબ્દો દ્વારા થાય છે. ગુજરાતીની સાચી ઓળખ તો હું ગુર્જર ભારતવાસી, હું ગુર્જર વિશ્વપ્રવાસી અથવા હું ગુર્જર વિશ્વનિવાસીએ રીતની એની અનુભવોકિતમાંથી થઇ શકે. ઉમાશંકરે માર્મિક રીતે પ્રશ્નોકિત કરેલી - એ કેવો ગુજરાતી જે હો કેવળ ગુજરાતી ?

ગુજરાતની સંસ્કૃતિ જૂના નવાનો સુભગ સમન્વય કરતી વિકસી છે. પરંપરાને જાળવીને તે નિત્યનૂતન પરિબળોને ઝીલતી જીરવતી રહી છે. ગુજરાતની પ્રજાની જીવનરીતિમાંયે પરંપરાના સાતત્ય સાથે નવીનતાના સમુદાર સ્વીકારનો ભાવ સતત જળવાયેલો રહયો છે.

ગુજરાત એવી તીર્થભૂમિ છે. જેનું દ્વારિકાનાથ અને સોમનાથ બંનેએ વરણ કર્યું છે. જગદંબાનો ચાચર ચોક ગુજરાતણના દિલમાં દષ્ટિગોચર થાય છે. આ ગરબા-રાસની ભૂમિ છે. તો આ સંઘવીઓ ને સત્યાગ્રહીઓની કૂચ-ભૂમિયે છે. દ્વારિકા ને સોમનાથ જો તેનાં પ્રાચીન તીર્થો છે તો સાબરમતી આશ્રમને દાંડી તેનાં અર્વાચીન તીર્થો છે. ગુજરાત કૃષ્ણચંદ્રની કૌમુદીથીએ ઉજળો પ્રદેશ છે. તેને ગાંધીજીની જન્મભૂમિ તેમજ કર્મભૂમિ બનવાનું સદ્ભાગ્ય સાંપડયું છે. ગાંધીજીની સ્વાતંત્ર્યયાત્રાનો શિવસંકલ્પ થયો. ગુજરાતમાં અને વિદેશી શાસન સામે અહિંસક યુદ્ધનો પંચજન્ય ફૂંકાયો તેય ગુજરાતમાંજ. સત્યાગ્રહમાંના અવશ્યભાવી એવા વિજયનું દર્શન કરાવનાર અને રાષ્ટ્રીય એકતાનો ઇલમ અજમાવનાર લોહપુરૂષ સરદાર વલ્લભભાઇ પટેલને ખમીર અને ખુમારીનાં ધાવણ પાયાં ગુજરાતે. સંસ્કૃતિ - ધર્મ, સમાજ કેળવણી, સાહિત્ય, કલા, વાણિજ્ય, ઉદ્યોગ, અર્થકારણ અને રાજકારણ આવાંઆવાં અનેક ક્ષેત્રોમાં ગુજરાતનું પ્રદાન રચનાત્મક અને તેથી સત્વોજજવલ રહયું છે. યુદ્ધવ્યગ્ર વિશ્વને શાંતિનો સુધાસંદેશ આપનાર અવાજને ગુજરાત તરફથી સતત પ્રેરણાને પુષ્ટિબળ મળતાં રહયાં છે.

સાગર પેટાળી ગુર્જરભૂમિ બહુરત્ના છે. અનેક બૌદ્ધિકો, વિજ્ઞાનીઓ, કલાકારો, સાહિત્યકારો, રમતવીરો, દાનવીરો, સંસ્કારસેવકોને શ્રેષ્ઠીઓથી, સાહસિકોને સેનાનીઓથી, સંતો અને ભકતોથી આ ધરતી સમૃદ્ધ છે. એની આ સમૃદ્ધિનો લાભ રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ અનેકોને સાંપડતો રહયો છે. ગુજરાત એ રીતે ઊજળું રહયું છે, એનાં સપૂતોને સન્નારીઓથી.

કવિ શ્રી ન્હાનાલાલે કહયું છે કે ગુજરાતની એક પાંખ નીલી એટલે કે નીલરંગી દરિયાની છે તો બીજી પાંખ લીલી એટલે કે આબુથી સહયાદ્રી સુધી વિસ્તરેલી વનરાજીની છે. જયાં આદિવાસી ગિરિજનો વસે છે. આ આદિવાસી ગિરિજનોથી માંડી મહાજનો સુધી સૌને સુખશાંતિ પ્રાપ્ત થાય એમાં જ હોય, ગુજરાતની સંસ્કારશ્રીની સાર્થકતા અને ધન્યતા. આવી જ ગુજરાત નર્મદની જેમ આપણને સૌને ગરવી લાગે છે. આવી ગુજરાતના વારસદાર તરીકે કવિ શ્રી ઉમાશંકરની જેમ સૌનેય કૃતજ્ઞતાપૂર્વક ગાવાનું મન થાય -

**મળતાં મળી ગઇ મોંઘેરી ગુજરાત, ગુજરાત મોરી મોરી રે.....**

**ડૉ. ઈલા એ. થાનકી (H.O.D.) - અર્થશાસ્ત્ર વિભાગ** **ડૉ. ભાવના આર. કેશવાલા - અર્થશાસ્ત્ર વિભાગ**

# ગુજરાત વિકાસયાત્રા

શું આપણા ગુજરાતે પ્રગતિ કરી છે ?

આ પ્રશ્ન નો જવાબ વિશે વિચારાતા પહેલા ઈતિહાસ થી અત્યાર સુધી એક ડોકિયુ કાઢીને જોઈએ

૧ મે ૧૯૬૦ તારીખ યાદ કરતા તરતજ યાદ આવે છે, આ રોજના દિવસે તો મહારાષ્ટ્રથી જુદા પડીને ગુજરાતની સ્થાપના થઈ. ત્યારથી અત્યાર સુધીના દિવસો યાદ કરીએ તો લાગે છે કે ગુજરાત સર્વાંગી વિકાસની ચરમસીમાએ પહોંચવા થનગની રહ્યું છે. પછી વાત ભલેને શ્વેતક્રાંતિ, હરિતક્રાંતિની કે સમાજના પ્રત્યેક ક્ષેત્રમાં ક્રાંતિ સર્જનાર ગુજરાતે હંમેશા દેશને નવી રાહ ચીંધી છે. ગુજરાતના સપૂત ગાંધીજી એ સત્યાગ્રહ અને અહિંસાનાં પાઠ શીખવાડી દેશને આઝાદી અપાવી. રાજ્યના બીજા સપૂત સરદાર વલ્લભભાઈ પટેલ ગુજરાતને ખમીર અને ખુમારી શીખવાડી છે. ગુજરાતીઓની મહાજન નીતી દેશ - વિદેશમાં વખણાય છે. ૧ મે ૨૦૧૦ના ગુજરાતના અસ્તિત્વનાં પચાસ વર્ષ થઈ જશે, આ સમયગાળા દરમ્યાન ગુજરાત દેશમાં અનેક બાબતોમાં આગવુ સ્થાન ધરાવે છે. જેમકે...

મરીન પ્રોડકશન, ફિશરીઝ અને બંદર વિકાસમાં પ્રથમ ક્રમે રહેલ ગુજરાત દેશનું ૯૦ ટકા સોડાએશ ૭૦ ટકા મીઠું અને ૨૦ ટકા કોસ્ટિક સોડાનું ઉત્પાદન કરે છે. દેશની પેટ્રોલિયમ પેદાશમાં ગુજરાતનો ફાળો ૩૦ ટકા છે. કેમિકલ્સ અને ફાર્માસ્યુટિકલ્સમાં ૫૦ ટકા યોગદાન આપતુ ગુજરાત ભારતનું પેટ્રોકેપિટલ બની ચૂક્યું છે. સમગ્ર દેશમાં ખેતીનું યોગદાન આર્થિક વિકાસમાં ઘટી રહ્યું છે. ત્યારે ગુજરાતમાં કૃષિની આવકમાં પાંચ ગણો વધારો થયો છે. તમાકુ ઉત્પાદનમાં પણ દેશમાં પ્રથમ રહેનાર ગુજરાત પાસે વર્લ્ડકલાસ એગ્રો પ્રોસેસિંગ ઝોન્સ અને સૌથી વધુ કોલ્ડ સ્ટોરેજ છે.

દેશના અને શેર ક્રુડ ઉત્પાદનમાં ગુજરાતનો ફાળો ૫૪ ટકા છે. સ્પોન્જ આયર્નની સૌથી વધુ આયાત કરતા ગુજરાતમાં ઓટો મોબાઈલ્સ ઈન્ડસ્ટ્રીઝ ફુલીફાલી છે. ઓટોમોબાઈલ્સ ઉપરાંત શિપબ્રેકિંગ અને શિપમેકીંગ, એવિએશન ઈન્ડસ્ટ્રીઝમાં ગુજરાત કાઠું કાઢી જ લેશે. ગુજરાત કપાસનો સૌથી વધુ પાક પકાવે છે. ગુજરાતના વિકાસના આ આંકડાઓની માયાજાળ ખુબજ લાંબી છે. પરંતુ પ્રગતિના માપદંડને એક વાક્યમાં કહી શકાય કે ગુજરાતમાં વીજળીનો મહત્તમ માથાદીઠ વપરાશ થાય છે.

વિશ્વભરમાં ગુજરાતીઓની કોઠાસુઝ પ્રશંસનીય છે. ગુજરાતીઓ આપતી અને અવસરમાં ટકી રહે છે. આપણે વાત કરીએ તો સુરત પ્લેગના ભયંકર રોગચાળા પછી ખૂબસુરત બન્યું, ભયંકર ભૂકંપ પછી કચ્છમાં આજે ઔદ્યોગિક ઘોડાપૂર જણાય છે, ભૂંકપ, વાવાઝોડા, વરસાદ કે રોગચાળા જેવી કુદરતી આફતો પણ ગુજરાત અને ગુજરાતીઓને ડગાવી શકતા નથી. તેથી જ ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન પુરવાર થયું છે.

અટલી વાતોમાં આપણે શિક્ષણને કેમ ભૂલી શકીએ ? હવે એ દિવસો દૂર નથી જેમાં ગુજરાત ૧૦૦ ટકા સાક્ષર હશે.

અને હજુ પણ આગળ પૂછેલા પ્રશ્નનો જવાબ ન મળતો હોય તો, ગુજરાતમાં રહેલી મોટીકંપનીઓની ટાઉનશીપમાં અન્ય રાજ્યના લોકોની અનૌપચારિક મુલાકાત લઈને જાણશો તો, જવાબ એવોજ મળશે કે.... ગુજરાત અને ગુજરાતીઓ અટલે નંબર વન.

**પ્રા. હિનાબેન વિ. ઓડેદરા- બી. એડ્. વિભાગ**

# ગુજરાતનો સ્વર્ણિમ વિકાસ

વિશ્વના દરેક દેશની વિકાસની પ્રક્રિયામાં આર્થિક ઉપરાંત સામાજિક, સંસ્થાકીય, રાજકીય તથા વહીવટી માળખામાં આવતા પરિવર્તનોનો પણ સમાવેશ થાય છે. જે તે દેશના સંપૂર્ણ વિકાસ માટે તેના દરેક પ્રદેશ/રાજ્યનો વિકાસ પણ તેટલો જ મહત્ત્વનો છે. જે તે પ્રદેશમાં કુદરતે બક્ષેલી સંપત્તિને લક્ષમાં લઈને જો તેના અનુસારની વિકાસની તકોને પ્રેરણા, પ્રાધાન્ય અને વિસ્તરણની મદદ આપવામાં આવે તો તે રાજ્ય/દેશની પ્રગતિમાં અગ્રેસરની ભૂમિકા ભજવી શકે છે.

ગુજરાત રાજયને કુદરતે વિશાળ દરિયાઈ સંપત્તિ, ફળદ્રુપ જમીન અને અલભ્ય પ્રાણી સંપત્તિથી નવાજેલા છે. આ બધાના યથાયોગ્ય ઉપયોગ દ્વારા ગુજરાત રાજય, ભારત દેશની પ્રગતિમાં પોતાનો સિંહફાળો આપી રહેલ છે તેવું કહેવું અતિશયોકિત ભરેલું નથી.

ભારતીય અર્થતંત્રનું કૃષિક્ષેત્ર કે જેના પર ૬૦% પ્રજાની રોજગારીનો આધાર છે તથા રાષ્ટ્રીયની આવક ૨૫% અને દેશની કુલ નિકાસોમાં કૃષિક્ષેત્રની ઉત્પાદકતામાં વધારો, તેની સામેના પડકારો - પ્રશ્નોના સંદર્ભમાં કૃષિ રૂપાંતર માટેની સરકાર નીતિમાં સુધરેલા બિચારણો, કૃષિધિરાણ, વેચાણની સાથોસાથ કૃષિવિકાસનું મૂલ્યાંકન, હરિયાળીક્રાંતિ તથા વૈશ્વિકીકરણ અને ભારતીય કૃષિનો સમાવેશ કરેલ છે.

સાથોસાથ ગુજરાત હવે વેપાર વાણિજિયિક ક્ષેત્રે પણ ઘણો વિકાસ સાધતું થયું છે. કુટિર ઉદ્યોગોથી લઈ મોટા પાયાના ઉદ્યોગોની સ્થાપના, વિકાસ અને વિસ્તરણના પ્રયાસો, બેકિંગ, સેવાક્ષેત્રો, ખાનગી અને જાહેર ક્ષેત્રોની કાર્યપ્રણાલીમાં જરૂરી સુધારા, આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગી અને શિક્ષણમાં નવિનીકરણના લીધે ગુજરાતના લોકોની માત્ર માથાદીઠ આવકમાં વધારો જ નહિ પણ જીવનની ગુણવતામાં સુધારો પણ શકય બન્યો છે.

ગુજરાત રાજયની સ્થાપનાના ૫૦ વર્ષ પૂર્ણ થવાના સમયે સામાજિક, સંસ્થાકીય, રાજકીય તથા વહીવટી માળખામાં પરિવર્તન અને વધુ વિકાસ માટે ઘણી અલગ અલગ વ્યૂહરચનાઓ અપનાવી પડશે. ગુજરાતે ઝડપી આર્થિક વિકાસના ધ્યેયને પાર પાડવા માટે મુખ્યત્ત્વે નીચે મુજબની વ્યૂહરચનાઓ ગોઠવવી રહી.

(૧) પાયાના મોટા ઉદ્યોગોને ઉંચો અગત્યાનુક્રમ

(૨) આયાત અવેજીકરણ

(૩) નાના પાયાના અને ગૃહ ઉદ્યોગોની અગત્ય વગેરે....

આમ, ગુજરાત રાજય આર્થિકથી લઈ વહીવટી માળખા સુધીના પરિવર્તનો અને વિકાસના પગલાંઓને અનુસરી 'સ્વર્ણિમ ગુજરાત' બનશે અને ભારતની વિકાસયાત્રામાં પોતાનો અમૂલ્ય ફાળો નોંધાવતું રહેશે.

**પ્રા. સંધ્યાબેન બી. ભાલીયા - બી. એડ્. વિભાગ**

ઉત્તરમાં અંબા માત, પૂરવમાં કાળી માત,<br>
છે દક્ષિણમાં દિશમાં કરંત રક્ષા, કુંતેશ્વર મહાદેવ;

# ગુજરાતની અસ્મિતા

મૂળભૂત રીતે આપણે ગુજરાતીઓ સંસ્કૃતિ અને પ્રકૃતિ-પ્રેમનાં સત્ત્વને વરેલા છીએ. પ્રકૃતિનાં તત્ત્વોનું સાંનિધ્ય આપણા સમાજ જીવનને પોષક એવી ઊર્જા આપે છે. આપણી મહાન વિરાસત એવી સંસ્કૃતિ તો સકળ સૃષ્ટિને શ્રેયસ્કર એવી આંતર ચેતનાને ધબકતી રાખે છે.

ભકિત અને શકિતનું નવરાત્રી ઉપાસના-પર્વ હોય કે પ્રકાશનો દીપાવલી ઉત્સવ હોય, ગગનચુંબી ઊંચી ઉડાન માટે પ્રેરતો ઉત્તરાયણ ઉત્સવ હોય પણ ગુજરાતી સંસ્કૃતિ હવે વિશ્વમાં નવી અસ્મિતા પ્રગટાવી રહી છે. આપણે પ્રાદેશિક અને રાષ્ટ્રીય ઉત્સવના દિવસોની ઉજવણીને નવો ઓપ આપ્યો છે. એમાં સમર્થ જનભાગીદારીએ નવા પ્રાણ પૂરીને 'વિકાસોત્સવ' તરીકે સામર્થ્ય પણ સર્જ્યું છે. સંસ્કૃતિ અને પ્રકૃતિની ઉપાસનાથી જ માનવસમાજને શ્રેય અને હિતકારી વિકાસની કેવી અનુભૂતિ કરાવી શકાય, તે ગુજરાતે બતાવ્યું છે.

''ગુજરાત નો નાતો છે, માનવતાનો. ગુજરાત નો મંત્ર છે, વિકાસ નો, 'સર્વજન સુખાય, સર્વજન હિતાય' નો.
ગુજરાત નું દર્શન છે, સકલ સૃષ્ટિનું કલ્યાણ, કરુણા અને સામર્થ્ય, પર્યાવરણ અને પ્રગતિ, માનવતા અને સદ્શકિત.''

ગુજરાતી સ્વભાવનાં આ ચારિત્ર્યની શાખ વિશ્વભરમાં પથરાયેલી છે. વિશ્વભરમાં ગુજરાતની પ્રગતિ અને વિકાસ એક ઉત્સવયાત્રાની ગરિમા બની રહયા છે. ગ્લોબલ ટેરર અને ગ્લોબલ વોર્મિંગના સંકટો સામે ગુજરાત માનવતાવાદી સદ્શકિત અને પ્રકૃતિપ્રેમનાં માર્ગ નવો રાહ બતાવી રહયું છે.

ગુજરાત સંપતિ - સર્જક જ નહી, સંસ્કૃતિ-રક્ષક અને પ્રકૃતિ-ચાહક તરીકે આગવી ઓળખ ઊભી કરી રહયું છે. વિકાસની પરિભાષાને, પંચામૃત શકિતનાં આધારે ગુજરાતે નવો અર્થ આપ્યો. જ્ઞાન, જળ, ઊર્જા, રક્ષા અને જનશકિતનું આ પંચામૃત પ્રગતિનો આધારસ્થંભ છે અને એજ છે, પ્રકૃતિનો પંચતત્વો સાથેનું સંધાન.

ગુજરાતની સંકલ્પ શકિતને કોઈ ડગાવી શકયું નથી. સમાજશકિતમાં સંકલ્પની તાકાત કેવી હોય એ ગુજરાતે બતાવ્યું છે.

**“સત્ સંકલ્પને કાર્ય કોવિદા : સંકલ્પાય નમો નમ :”**

ચંદ્રની શીતળતાનું અલૌકિક સૌન્દર્ય ધગધગતા રણની રાતે, શ્વેત આવરણથી ઢાંકે છે, તે દુનિયા સમક્ષ આપણે મૂકયું. વૃક્ષોનો મહિમા માનવજીવન માટે પર્યાવરણની રક્ષા કરે છે. એની સમાજ - સ્વીકૃતિ માટે વનમહોત્સવોને નવા જ સ્વરૂપે ઉજવ્યા. નર્મદાની લોકમાતા તરીકેની પરિક્રમા-યાત્રા, ગુજરાતમાં કેનાલ-પાઈપલાઈન થકી ગુજરાતીઓની તરસ છીપાવતી થઈ. જળવિપુલતાનું વ્યવસ્થાપન કરીને આપણે સૂકી ધરા અને સૂકા પેટાળોને નવપલ્લવિત કર્યા. સમુદ્ર કિનારાનાં સૂના સૂસવાટામાં પ્રાણ પૂરીને, ગુજરાત નાં બંદરોને, ભારતનાં વિશ્વવેપારનાં પ્રવેશદ્વાર તરીકે ધમધમતા કર્યા. ગુજરાતની જ ઉર્વરા ધરતીનાં પેટાળમાંથી પેટ્રોલિયમ ઊર્જાની જરૂરિયાતો માટે છેક દક્ષિણ હિન્દુસ્તાનનાં દરિયામાં વૈજ્ઞાનિક સંશોધનોનું સારકામ સફળતાથી કરીને ભારતનો સૌથી વિપૂલ પેટ્રોલિયમ તેલ - ગેસનો ભૂગર્ભ ભંડાર ખોલી દીધો છે.

ઈ.સ. ૨૦૧૦... આપણી પોતાની એક અદ્ભુત અને ઐતિહાસિક ઘટના આકાર પામી રહી છે અને તેનો સમગ્ર દુનિયાનાં આંગણે રણકાર સંભળાઈ રહયો છે. તે છે, ગુજરાત રાજયની સ્થાપનાની અર્ધશતાબ્દી....

''વસુધૈવ કુટુમ્બકમ્''ની સંસ્કૃતિની સાચી પરિભાષા ગુજરાતીઓએ વિશ્વમાં વસીને ધબકતી રાખી છે. ગુજરાતની આ અસ્મિતા, આ ઓળખ, આ પ્રગતિ સમગ્ર વિશ્વ માટે ઉદાહરણરૂપ બની છે. ગુજરાતનું નામ વિશ્વના નકશા પર સુવર્ણ અક્ષરોમાં અંકિત થશે અને ગુજરાત ખરા અર્થમાં ''સ્વર્ણિમ ગુજરાત'' બનશે.

**પ્રા. ચાંદનીબેન કે. દત્તા – બી. એડ્. વિભાગ**

# સ્વર્ણિમ ગુજરાતની સાર્થકતા

ભારત એટલે પ્રકાશમાં તરબોળ ભૂમિ. ભા એટલે પ્રકાશ અને રત એટલે તરબોળ. 'સોને કી ચિડીયા' અને પ્રકાશ ભૂમિ ગણાતા ભારતવર્ષનો એક મહત્ત્વનો હિસ્સો એવું ગુજરાત પણ 'સ્વર્ણિમ ગુજરાત'ના ઉત્સવની ઉજવણીના પંથે છે, જે ગૌરવની બાબત છે. ઉત્સવો ઉજવાય તે આનંદની બાબત છે, છતાં ગનમાં પ્રશ્ન જન્મે છે કે,

''હું ગરવો ગુજરાતી'' કહેનાર જન સમુદાય ''માનવી મટી બનું હું વિશ્વમાનવી''નો આદર્શ શા માટે ભૂલી જાય છે ? આ સરહદો એ કૃત્રિમ છે. આ દિવાલો એ મનના પ્રદેશોની છે. આ માનસિક દિવાલો જયારે ભાવજગતને પણ અશુદ્ધ બનાવવા લાગે છે ત્યારે હૃદય પર તે આઘાતરૂપ બને છે.

મહામાનવ મહાત્મા ગાંધી જેવા અનેક મહાન માનવીઓની ભૂમિ ગુજરાત પોતાના ઐતિહાસિક બલિદાનોના કારણોની સમીક્ષા કરશે તો તે જાણશે કે આ બલિદાનો બીજા માટે હતા, દેશ માટે હતા. પોતાના મનની દિવાલોના વાડામાંથી નીકળી વિશ્વમાં માનવીય સહિષ્ણુતાનો સંદેશ ગુજરાતમાંથી પ્રસર્યો છે.

આ ગરિમાને યાદ કરી, સમગ્ર ભારતના અન્ય પ્રાંતો પ્રત્યે પ્રેમ અને કરૂણાનો સંદેશ પ્રસરાવવાનો આ સમય છે. ભૌતિક સિદ્ધિઓ તો 'બાય પ્રોડકટ' છે. દરેક શ્રેષ્ઠ કાર્યનો બદલો ઈશ્વર આપે છે જ. પ્રકૃતિમાં શાશ્વત એકતા છે, ફકત મનમા જ આ ભાવો જન્માવવાની જરૂર છે.

''પંછી, નદીયાં, પવન કે ઝોકે, કોઈ સરહદ ના ઈન્હે રોકે''

તો આવા પવિત્ર સંદેશાઓને હૃદયમાં ધારણ કરી, સમગ્ર માનવજાત પ્રત્યે પ્રેમ, ભાઈચારો અને કરૂણાનો બોધ આપવા સક્ષમ બની, ચાલો ગુજરાતની ગરિમાને ચરિતાર્થ કરીએ.

All is One, All is Well"

**પ્રા જીજ્ઞેશ બિ. પ્રશ્નાણી – બી. એડ્. વિભાગ**

સોમનાથ ને દ્વારકેશ એ, પશ્ચિમ કેરા દે-
છે સહાયમાં સાક્ષાત, જય જય ગરવી ગુજરાત.